IJNRD.ORG ISSN : 2456-4184
INTERNATIONAL JOURNAL OF NOVEL RESEARCH AND DEVELOPMENT (IJNRD) | IJNRD.ORG
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# દાહોદ જિલ્લાની આદિવાસી સંસ્કૃતિ

**નિધી વલમભાઈ પરમાર**
**પીએચ. ડી સ્કૉલર**
**શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી,ગોધરા**

## Abstract(શારાંશ)

પૃથ્વી પર અનેક ધર્મ અને અનેક જાતિના લોકો વસે છે,તેમાંની એક છે આદિવાસી સમુદાય જે વર્ષોથી જંગલના અંતરિયાળ વિસ્તારોમાં રહે છે.આદિવાસી સમુદાયના રીતિ-રિવાજો અલગ છે.આદિવાસી સમુદાયનો કોઈ ધર્મ નથી તેઓ જંગલના રક્ષક છે.ગુજરાતમાં આદિવાસી વિસ્તારના દાહોદ જિલ્લાની આદિવાસી સંસ્કૃતિ વિષે લોકોને જાણવા મળે અને માહિતગાર થાય તેવો મારો પ્રયાસ છે.

## ➢ પ્રસ્તાવના:

આદિજાતિ એટલે પ્રાચીન સમયથી રહેતો આવેલો અને હાલ માનવસંસ્કૃતિના પ્રારભિક સ્તરે જીવન વિતાવતો જનસમહૂ.આદિજાતિ માટે અંગ્રેજીમાં ‘એબોરીજનલ’ (મૂળ વતનીઓ) કે આદિમ જેવા શબ્દો વપરાય છે.ભારતમાં આદિજાતિ માટે tribal શબ્દ વપરાય છે.આદિવાસી જંગલોમા વસવાટ કરતો હોવાથી તેના માટે ‘વનવાસી’ , ‘ગિરિજનો’ જેવા પર્યાયો પણ વપરાય છે.

સંપૂર્ણ ભારતમાં વિભિન્ન પ્રદેશોમા આદિવાસી વસ્તી સવિશેષ નોંધપાત્ર છે. કેટલાક ઇતિહાસકારો તેમજ વેજ્ઞાનીકો આ આદિવાસીઓને ભારતના મૂળ વતનીઓ તરીકે ઓળખાવે છે.સંસ્કૃત સાહિત્યમા પણ કિન્નર ,ભીલ જેવી આદિવાસી પ્રજાનો ઉલ્લેખ જોવા મળે છે.ભાષાની દ્રષ્ટિએ ઉતર-પૂર્વ સરહદી વિસ્તારના આદિવાસીઓની બોલીમા ભિન્નતા જોવા મળે છે.મધ્ય અને પૂર્વ ભારતમાં આદિવાસીઓની બોલી ઓસ્ટ્રિક ભાષાકુળની જોવા મળે છે.જ્યારે દક્ષિણ ભારતના આદિવાસીઓ દ્રવિડયન ભાષા જોવા મળે છે.

આઝાદી પછી સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાલાલ નેહરૂ એ પંચશીલ નીતિ અપનાવી આદિવાસી ના વિકાસ માટે બહાર પાડી ભારતમાં આદિવાસીઓનો વિકાસ આઝાદી પછી થયો હતો આદિવાસીઓનું ભૂષણ થતું હતું તેઓ શિક્ષણ થી વંચિત રહી ગયેલા હોવાથી તેમની આર્થિક તેમજ સામાજિક સ્થિતિ સારી ન હતી અંદાજવામાં આવી હતી ભારત સરકારના 1935 ના કાયદા અનુસાર આદિવાસી સમૂહને પછાત તરીકે ઓળખવામાં આવે છે પંડિત નેહરુએ ‘આદિવાસી પંચશીલ ‘ દ્વારા વિકાસ માટેની માર્ગદશિકા પૂરી પાડી છે.આ પંચશીલ નીતિ પ્રમાણે દરેક લોકો એ તેમની પોતાની પ્રતિભાની રેખા સાથે વિકાસ કરવો જોઈએ.જમીન અને જંગલ એ તેમની જીવનનિર્વાહ ની વસ્તુઓ છે.આદિવાસીઓ ને વિકાસ માટે તાલીમ આપવી જોઈએ.આદિવાસી પ્રદેશમા બહારના લોકોને દાખલ કરવાનું ટાળવું જોઈએ,તેમના જંગલોમાં અન્ય લોકોના પ્રવેશ પર પ્રતિબંધ છે.

આદિવાસી પંચશીલ ના નિયમ અંતર્ગત આદિવાસીઓના આરક્ષિત વિસ્તારોની મર્યાદા મુજબ આરક્ષિત વિસ્તારમાં કોઈ જમીન કૃષિ હેતુ માટે ફાળવવામાં આવશે નહીં અને બહારના લોકોને વેચી નહીં શકે અથવા ગિરે મૂકી શકસે નહીં.

ઈ.સ 1950 પેહલા જનજાતિઓ માટે ભારતમાં શિક્ષણ માટે કોઇ વિશેષ કાર્યક્રમ ન હતો. આઝાદી પછી જ ભારતના બંધારણમાં આદિવાસિઓ માટે વિશેષ પ્રકારની જોગવાઇ કરવામાં આવી. ઠક્કરબાપા જેવા અગ્રણી સમાજ કાર્યકર્તાઓ આદિવાસીઓના વિકાસમાં અમૂલ્ય ફાળો આપ્યો છે. આદિવાસી વિસ્તારમાં જઇને ગાંધીજી અને ઠક્કરબાપા વિકાસના કાર્યો હાથ ધર્યા હતા અને તેમને સાક્ષર કરવાના કાર્યો કર્યા હતા.તેઓના માર્ગદર્શક બન્યા હતા.તેમને ભીલ સેવા મંડળ ની સ્થાપના કરી હતી.

## ➢ દાહોદ જિલ્લાની આદિવાસી સંસ્કૃતિનો પરિચય:

દાહોદ જિલ્લો પંચમહાલ જિલ્લામાથી બનેલો છે.દાહોદ જિલ્લો 2 oct 1997 થી અસ્તિત્વમાં આવ્યો હતો. દાહોદ જિલ્લો ઊગતા સુર્યના પ્રદેશ તરીકે ઓળખવામાં આવે છે.દાહોદ જિલ્લાને બે રાજ્યોની સરહદ ઉપર આવેલું હોવાથી દો –હદ એટલે બે –હદ તળપદા શબ્દમાથી અપભ્રશ થઈને ‘દાહોદ’ થઈ ગયું એવું માનવામાં આવે છે.દાહોદ જિલ્લાને રાજસ્થાન અને મધ્યપ્રદેશ રાજ્યની હદ અડે છે. ગુજરાતમા આદિવાસીઓની વસ્તી લગભગ 14%છે. દાહોદ જિલ્લામા મુખ્યત્વે આદિવાસીની વસ્તી વધુ છે.ગુજરાતમા આદિવાસીની 29 સમુદાયો વસે છે. દાહોદ જિલ્લામા મુઘલ સમ્રાટ ઔરંગજેબનો જન્મ થયો હતો.દાહોદ જિલ્લો 1857ના વિપ્લવ સમયનું મહત્વનું કેન્દ્ર હતું.આમ દાહોદ જિલ્લાનો સાંસ્કૃતિક ઈતિહાસ સમૃધ્દ છે.

## ➢ આદિવાસી સંસ્કૃતિ:

દાહોદ જિલ્લામા આદિવાસી સમાજમા અલગ અલગ પેટાજ્ઞાતિ જોવા મળે છે જેમ કે ભીલ,પટેલિયા,રાઠવા,કોળી,ડુંગરી ,ડુંગરી ગરાસિયા,ચૌધરી,કુનબી,ધાનકા(તડવી),પોમલા , સીદિ,કોટવાળિયા આદિજાતિઓ છે.મોટા ભાગની આદિવાસી ગોત્રવ્યવસ્થા ધરાવે છે. ગોત્રો લગ્ન,જાતિ સંબધો મજબૂત બનાવવામાં મહત્વની ભૂમીકા ભજવે છે.

ગુજરાતનાં ઉતર-મધ્ય અન્ર દક્ષિણના પ્રાકૃતિક પ્રદેશમાં ખડતલ શરીર ,મધ્યમ કદ ,ખુશમિજાજી અને વિનોદી સ્વભાવના આદિવાસીઓ જોવા મળે છે.

## ➢ પહેરવેશ અને આભૂષણો:

અન્ય સમાજની ની સ્ત્રીઓની જેમ આદિવાસી સ્ત્રીઓ આભૂષણો અને શણગારની શોખીન જોવા મળે છે. આદિવાસી સ્ત્રી ચણિયો અને કબ્જો(ઉપરના ભાગમા પેહ્રવામાંઆવતું વસ્ત્ર)પેહેરે છે. અને રંગબેરંગી ઓઢણી ધારણ કરે છે. આ આદિવાસી સમજમાં માથે ઓઢવાનો રિવાજ આજે પણ પ્રચલિત છે.સ્ત્રીઓ ફૂલ – પાંદડાની ભાતવાળી વાદળી ,લીલી ,લાલ સાડલો વધુ પસંદ કરે છે. આદિવાસી પુરુષો શરીરના ઉપરના ભાગ પ્ર વાદળી અને કાળા રંગની ઝૂલડી પેહેરે છે અને ધોતી પેહેરે છે.માથા પર રૂમાલ બાંધે છે તેમજ ટોપી પેહેરે છે.આદિવાસી સ્ત્રીઓના આભૂષણોમાં ચાંદી,પીતળ, અને વત્તા ઓછા પ્રમાણમાં સોનાનાં ઘરેણાં પેહેરે છે.આદિવાસી સ્ત્રીઓ મોટે ભાગે પગમાં ‘કડલા’ અને ‘તોરાં’(છડા) પેરે છે.કમરમા ‘કંદોરો’ પેહેરે છે.ગળામા હાર પેહેરે છે જેને આદિવાસી ભાષામાં ‘સાંકળી’ કહે છે.

## ➢ માટીકલા:

આદિવાસી પોતાના ઘરને ‘ખોલરુ’કહે છે. આદિવાસી લોકો સંયુક્ત કુટુંબમા રહે છે.માટીના બનવેલા ઘરમા રહે છે પણ હવે પાકા ચણેલા ઘર બનાવે છે.આદિવાસી દીવાલો અને તળિયામા માટી અને છાણ થી બનાવેલા મિશ્રણ થી અલગ અલગ ભાત બનાવીને લીપે છે. ઢોર માટે પણ અલગ ઘર જેને ‘કોડિયું’ કહે છે.ઘરમા તેઓ અનાજ દળવા માટે ઘંટી રાખે છે જે પથ્થરની બનેલી હોય છે.અનાજ ભરવા માટે તેઓ વાંસની બનાવેલી મોટી ટોપલીઓને માટી અને છાણ ના મિશ્રણથી લિપિને તેયાર કરે છે અને તેમાં વર્ષનું ભરનું અનાજ ભરે છે.આ ઉપરાંત આદિવાસી સ્ત્રીઓ માટીના બનાવેલા ચૂલા પણ જાતે બનાવે છે.

## ➢ કાષ્ટકલા:

આદિવાસી પુરુષો ખજુરીના રેસામાથી દોરડીઓ બનાવી ખાટલા ભરે છે.અને અલગ અલગ ભાત પાડે છે.આ ઉપરાંત તેઓ વાંસમાથી ટોપલીઓ તેમજ સફાઇ કરવાના ખ્જુરીના સાવરણા જેવી વસ્તુઓ બનાવે છે.વાંસ માથી તેઓ કબલા(અનાજ મૂકવાનું સાધન)બનાવે છે.

## ➢ ચિત્રકલા:

આદિવાસી લોકો લગ્ન પ્રસંગે ઘરની દીવાલ પ્ર સફેદ મરડીયા જે લાલ માટીથી લીપેલા પ્ર બનવે છે. કન્યાને કે વરને પીઠી પર બેસડે ત્યારે બનાવે છે.દક્ષિણ ગુજરાતનાં વારલી આદિવાસીઓ ઘરને શોભાવવા સફેદ રંગ થી વનમાં વસતાં લોકોના જીવન દોરે છે.ઉતર અને મધ્ય ગુજરાતમા તેઓ વિવિધ રંગોથી શોભતો 'બાબો પીઠરો" દોરે છે.આદિવાસી ચિત્રો લોકચિત્રની આનોખી સાંસ્કૃતિક સંપદા છે.

## ➢ છુંદણા:

આદિવાસી સમાજમા હવે આ પ્રથા જોવા મળતી નથી.સ્ત્રી-પુરુષો શોખ માટે હાથ ,પગ અને મુખ પ્ર મેળામા 'મશીન' થી કલાત્મક છુંદાનાં (ભાત –ડિજાઇન)બનાવે છે. તેઓ મોર ,મેના ,પોપટ ,વીછી અને દેવી –દેવતાઓના દેહને શોભાવે છે. આદિવાસી ચિત્રોમા પૂર્વકાલીન આદિમાનવની ચીત્રના દર્શન થાય છે.

## ➢ હથિયારો:

આદિવાસી જંગલમા રેહતો હોવાથી તેઓની તિક્ષ્ણ અને ઘાતક હથિયારો હોય એ સ્વાભાવિક છે.તેઓ લાકડાનું તીર – કામઠું રાખે છે. તેમજ દોરીથી બનેલું ગુંફેણ (પથ્થર મૂકી ને ગોળ-ગોળ ફેરવી મરાતું)તે તેઓ કમર પર બાંધીને ફરે છે.ભાલ ,તલવાર જેવા અણીદાર હથિયારો પણ રાખે છે.તલવારની મ્યાનની ટોચે રૂપાની ઘૂઘૂરીઓ મઢવામાં આવે છે.કટાર કે છરીનો ઉપયોગ રોજ-બરોજના જીવનમાં કરે છે.

## ➢ શીલાલેખ:

ઈ. સ.1811માં દૂષકાળ પડ્યો ત્યારે રાહત કામ દરમિયાન દાહોદના છાબ તળાવ પાસેથી આ શીલાલેખ લગભગ 41 સેમી ઊચો છે.તેનો લેખ સાદી સંસ્કૃત ભાષામા છે.આ શીલાલેખ નો આરંભ "ॐ નમો ભગવતે વાસુદેવાય" મંત્રથી થાય છે.આ લેખ નારાયણના મંદિરને લગતો છે.

સિદ્ધરાજ જયસિંહએ માળવા પર ચઢાઈ કરી એ સમયે દાહોદમાં પડાવ નાખ્યું તેથી તે વિસ્તાર આજે પણ પડાવ તરીકે ઓળખાય છે.આ તળાવ બાંધવા ખાતમુહત કરેલું તે જગ્યાએ હનુમાનની મૂર્તિવાળો પથ્થર રાખેલ તે હજી હયાત છે.પાણીગેટ ઉપર જયસિંહ સંસ્કૃતમાં શીલાલેખ કોતરાવેલા જે બ્રિટિશ સરકારે પુનાના મ્યુજિયમમા રાખ્યા છે.

## ➢ સામાજિક પરિસ્થિતિ:

આદિવાસી જીવનરીતિમાં શ્રમની દ્રષ્ટિએ આદિવાસી સ્ત્રી પુરુષ કરતાં વધુ સક્રિય હોય છે.તેમ છતાં કેટલાક કામ સ્ત્રી-પુરુષો સાથે રહીને કરે છે.ખેતરમાંથી ઘાસ ઢોરનો નાખવું,ખાધ ફળો વીણવા ,ઘરકામ ,લાકડના ભારા વેચવા વગેરે કામ સ્ત્રીઓ એકલી કરે છે.દરેકને પોતાના ગોત્રનું નામ ગૌરવ હોય છે.આ ગોત્રો અલગ અલગ વસતા તેમને સમહુમાં બાંધે છે.આમ ગોત્ર જંગલ અલગ અલગ વિખરાયેલા આદિવાસીઓને સંગઠિત કરવા મહત્વનું પરિબળ બની રહે છે.સામાજિક,રાજકીય ,આર્થિક અને કુદરતીમાં આપતિ સમયે ભેગા થઈને સામનો કરે છે.

શિક્ષણ પ્રવૃતિ સાથે લોકોની આર્થિક તેમજ સામાજિક સ્થિતિ સુધારા અર્થે સહકારી પ્રવૃત્તિ મંડળની શરૂઆતથી જ ઉપાડી લીધી હતી. આદિવાસી વિસ્તારમાં સહકારી પ્રવૃત્તિઓ સારી એવી પ્રગતી કરી રહી હતી. ઉપરાંત કાંતણ

ઉદ્યોગ દ્વારા રોજી પૂરી પાડવાના કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવ્યો હતા. દારૂ નિષેધ માટે મંડળના બધા મથકોથી પ્રચાર કરવામાં આવતા હતા.

આદિવાસીની પરિસ્થિતિ સારી ન હતી.તેઓનો મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતમજૂરો ,પશુપાલન,વાંસકામ વગેરે કામોમાં જોડાયેલા હતા.તેઓમા શિક્ષણની અભાવ હોવાના કારણે શાહુકારો દ્વારા શોષણ કરવામાં આવતું હતું.

ભીલ સેવા મંડળ આઝાદી પહેલાં સ્થપાયેલી સંસ્થા છે. ભીલ સેવા મંડળ ભૂતકાળમાં અનેક પડકારો ઝીલ્યા છે.આદિવાસીઓની આર્થિક શોષણ સામે સહકારી પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી અને આદિવાસીઓને શાહુકારોને પકડમાંથી છોડવ્યા હતા.ભીલ સેવા મંડળ એ આદિવાસી કલ્યાણ કામનો પાયો નાખીને શૈક્ષણિક ,આર્થિક,અને સામાજિક ઉન્નતિ માટે કાર્ય કર્યું હતું.ભીલ સેવા મંડળ એ અંધશ્રદ્ધા,દારૂ ,તાડી, કુરિવાજોને તિલાંજલી આપવામા આદિવાસી આદિવાસીઓને જાગૃત કર્યા હતા.

એ ઉપરાંત સહકારી મંડળીઓ દ્વારા આદિવાસી ખેડૂતોને વાજબી દરે ખેતી માટે જરૂરી નાણાં મળતા થયા. ગ્રામ્ય વિસ્તારોમાં અનેક પ્રાથમિક શાળાઓ શરૂ થવાથી આદિવાસીઓમાં સામાન્ય જ્ઞાનનો પ્રસાર વધ્યો.

## ➢ સંદર્ભસૂચિ :-

**૧.કાંતિલાલ મ. શાહ,ઠક્કરબાપા,ભીલ સેવા મંડળ દાહોદ ,૨૦૧૮**
**૨.આદિવાસી ગુજરાત, vol 4,ગુજરાત વિધાપીઠ ,૨૦૨૦**
**૩. ડૉ. મીનાક્ષી ઠાકર,આદિવાસી વિકાસ અને વન,યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ,ગુજરાત રાજ્ય અમદાવાદ,૨૦૦૪**
**૪. ચુનીલાલ ક. હઠીલા, સેવમૂર્તિ ઠક્કરબાપા,ભીલ સેવા મંડળ દાહોદ, ૨૦૦૩**
**૫.શ્રી જ. મ. મલકાણ,પંચમહાલના આદિવાસીઓ**
**૬.ભારતીય આદિમજાતિ સેવકસંઘના કેટલાક એહવાલો**
**૭.ઠાકકરબાપાની ૭૧ જન્મજયંતી પ્રસંગે પ્રકાશિત પુસ્તિકા**
**૮. ભીલ સેવા મંડળના જૂન-નવા વાર્ષિક એહવાલો**
**૯. ડૉ. ભગવાનદાસ પટેલ,આદિવાસી સાંસ્કૃતિક વારસો,માહિતી નિયામક,ગુજરાત રાજ્ય ,ગાંધીનગર ૨૦૨૦-૨૧**
**૧૦.ડૉ. રાજેશ ભાભોર,દાહોદ જિલ્લાના આદિવાસીઓમાં સામાજિક પરિવર્તનોનો ઇતિહાસ,ગુજરાત યુનિવર્સિટિ અમદાવાદ,૨૦૨૨**

International Research Journal
IJNRD
Research Through Innovation